# શ્રી સરસ્વતીની સાધના



એક સુંદર મજાનું સરોવર હતું. તે સરોવરમાં રંગ-બે-રંગી હંસો સાથે શ્વેત સુંદર કમળોનાં ફુલો પણ પૂર્ણ કક્ષાએ ખીલીને દૈદિપ્યમાન થઈ રહ્યાં હતાં. નયનાકર્ષક વાતાવરણ પણ હતું.

બરાબર આવા સમયે કયાંકથી ઊડતો ઊડતો એક સોનેરી હંસ તે સરોવર ઉપર આવી ચડયો અને પછી તે સુંદર સરોવર ઉપરનું અદ્દભૂત વાતાવરણ જોઈ તે ખૂબ જ પ્રફુલ્લિત થઈ ઊઠયો. તેના રોમેરોમમાં સંગીતની અદમ્ય લાલસાઓ ઊભરાવા લાગી અને ઘડીભર તેણે સ્થિતપ્રજ્ઞની જેમ આંખો મીંચી દીધી. અને...અને...અદ્દભૂત ચમત્કાર સાથે તેના હાથમાં એક કલાત્મક વીણા આવી ગઈ. બસ, પછી તો પૂછવું જ શું ?

સોનેરી હંસની વીણામાંથી અદ્દભૂત જાદુઈ સંગીત રેલાવા લાગ્યું. હા, તે સોનેરી હંસ ‘મા સરસ્વતીદેવી’ નો અનન્ય ભક્ત હતો. સોનેરી હંસની વીણામાંથી વહેતું મીઠું સંગીત સાંભળી રંગ-બે-રંગી હંસ, કમળો વગેરે તેની આસપાસ વીંટળાઈ વળ્યા. અને તે હંસની સંગીતની મીઠી ધૂનને આનંદથી સાંભળવા લાગ્યાં. હંસ પોતાની ધૂનમાં રહી મીઠું સંગીત રેલાવતો રહ્યો.

અચાનક એવામાં કેટલાંક લોભી અને લાલચુ પારધીઓ શિકાર કરવાના ઉદ્દેશ્ય સાથે તે સરોવર ઉપર આવી ચડયા. અને...અને..તે સરોવર ઉપરનું અદ્દભૂત, રંગીન અને ગીત-સંગીતમય વાતાવરણ જોઈ ઘડીભર તેઓ આનંદથી ઝૂમી ઊઠયા. બાદમાં તેઓનાં મનોજગતમાં હલચલ

મચતાં જ તેઓ જાગૃત થઈ ઊઠયાં. અને પછી પાસે રહેલ શિકાર પકડવાની મજબૂત જાળને તેઓ ખોલવા લાગ્યા. સાથમાં રંગીન કલ્પનાઓ પણ કરવા લાગ્યા કે ‘વાહ..! આજે તો કોઈ અનોખો દિવસ ઊગ્યો છે ને કાંઈ ? આ...હા...? આજે જો આ બધાં હંસો અને ખાસ કરીને તો પેલો સોનેરી હંસ જાળમાં સપડાઈ જાય તો તે બધાં પંખીઓના બદલામાં તેઓને અઢળક નાણાં મળશે, હોં ?’ આમ વિચારતાં તેઓ તે નિર્દોષ, પ્રકૃતિ-પ્રેમી અને ગીત સંગીત પ્રિય એવાં પંખીઓ ઉપર જાળ નાખવાની તૈયારીઓ કરવા લાગ્યા.

જ્યારે આ તરફ પ્રકૃતિ-પ્રેમી પંખીઓ સોનેરી હંસની વીણામાંથી વહેતાં જાદુઈ સંગીતને મનભરીને માણી રહ્યાં હતાં. તેઓએ કશી કલ્પનાએ કરેલ નહીં કે કેટલાક લોભી અને લાલચુ શિકારીઓ, પારધીઓ તેમને પકડવા માટેની જોરદાર તૈયારીઓ કરતા હશે ? અને....અને....તે નિર્દોષ પંખીઓ જાગૃત કે સાવચેત થવા જાય તે પહેલાં તે પારધીઓની મજબૂત જાળ તેઓ ઉપર આવી પડતાં જ તે બધાં પંખીઓ ચોંકી ઊઠયાં. અને પછી કાંઠા તરફની દિશામાં તેઓ ભયપૂર્વક જોવા લાગ્યા. તો સામે જ કાંઠા ઉપર ચાર-થી-પાંચ જેટલાં પડછંદ દેહધારી ક્રુર પારધીઓને જોયા. તેમની ઘાસના પૂળા જેવી ભયંકર મૂછો હવામાં ફરફરતી હતી. બિહામણા ચહેરા ધરાવતા પીળા દાંતોને પ્રગટ કરતા તેઓ તેમની અદ્દભૂત સફળતા બદલ ખડખડાટ કરતા અટ્ટહાસ્ય કરવા લાગ્યા.

સોનેરી હંસની વીણામાંથી વહેતું સંગીત બંધ પડી ગયું હતું. થોડીવાર રહી સોનેરી હંસ વિનમ્ર સ્વરે બોલ્યો, ‘હે પારધીભાઈઓ, શા માટે અમોને આ મજબૂત જાળમાં કેદ કર્યા છે ? અમે તમારું શું બગાડયું છે તે આમ અમને હેરાન-પરેશાન કરો છો ?’ સોનેરી હંસની સત્યમય વાણી સાંભળી પારધીઓનો આગેવાન બોલ્યો, ‘અરે ઓ સોનેરી હંસલા, અમે તમને બધાંને અહીંથી ઊંચકીને લઈ જઈશું. જેના બદલામાં અમને મબલખ નાણાં મળશે, હોં ?’ આ સાંભળી નિર્દોષ, ભોળાં હંસો થરથરી ઊઠયાં. તેઓને લાગ્યું કે હવે આજથી તેઓનું મુક્ત જીવન પૂર્ણ થઈ રહ્યું છે. પરંતુ તે સોનેરી હંસ શાંત ભાવે પારધીઓને સમજાવતો રહ્યો, કે ‘જીવનમાં હિંસાને કયારેય સ્થાન આપવું જોઈએ નહીં.’ પરંતુ આ તો જન્મજાત પારધીઓ હતા. તેઓએ તે સોનેરી હંસની એક પણ વાત કાને ધરી નહીં અને તેઓ જાળને કાંઠા તરફ ખેંચવા લાગ્યા.

અને...અને..અંતે તે સોનેરી હંસને લાગ્યું કે હવે આ ક્રુર પારધીઓ તેમની એક પણ વાત સાંભળશે નહીં, માટે તેઓને કશોક ચમત્કાર દેખાડવો જ પડશે. બાદમાં તે સોનેરી હંસ ક્ષણિક ધ્યાનસ્થ મુદ્રામાં સરી ગયો. અને...અને...તે સાથે જ એક મોટા કડાકા સાથે જાળ તૂટી ગઈ. અને...અને...નિર્દોષ પંખીઓ આઝાદ થઈ ગયાં. અને મુક્ત ગગનમાં ઊડવા લાગ્યાં. જ્યારે પારધીઓ જાળને અચાનક એક મોટા કડાકા સાથે તૂટી ગયેલ જોઈ આશ્ચર્યચકિત રહી ગયા. તેઓનાં હૃદય ઉપર આંચકાઓ આવતા તેઓ બધા એક તરફ ઉથલી પડયા. જ્યારે તેઓ ભાનમાં

આવ્યા ત્યારે અંતરથી પસ્તાવો કરવા લાગ્યા. અને...અને...આવો હિન-હિંસાત્મક વ્યવસાય તેઓ કદાપિ નહીં કરે તેવો દ્રઢ સંકલ્પ કરતાં ત્યાંથી દૂર દૂર ચાલ્યા ગયા.

પૂન: તે સરોવર ઉપર રંગ-બે-રંગી હંસો સાથે સોનેરી હંસ આવી પહોંચ્યાં. અને...અને..ફરી સોનેરી હંસની જાદુઈ વીણામાંથી ગીત-સંગીતની સૂરીલી લહેરો ઊઠવા લાગી. આ જોઈ દૂર રહેલ ‘મા સરસ્વતીદેવી’ તેઓને અંતરથી આશીર્વાદ આપવા લાગ્યાં.

લેખક : શૈલેષ કે. રાયચુરા